ડૉ.આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ તેમના આશ્રિતોના સામુહિક વસાહતોની દરખાસ્તમાં આવાસ યુનિટ કોસ્ટ વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્ર: અજક-૧૦૨૦૧૩-૩૯૦૫૬૧-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૧-૧૨-૨૦૧૩.

વંચાણે લીધા:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૮-૩-૨૦૦૮ ના ઠરાવ ક્ર: એસસીડબલ્યુ-૧૦૨૦૦૩-૨૨૦૧-ગ(પાર્ટ ફાઇલ)

(૨) પચાયત, ગ્રામ અને ગૃહ નિર્માણ વિભાગના તા.૨-૩-૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૮-૮૧૯-લ

(૩) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરના તા.૪-૬-૨૦૧૩ ના પત્ર ક્ર:ગુસકાવિનિ/ડૉ.આસકાઆયો-૨૦૧૩-૧૪-૯૫૦૧.

ઠરાવ-

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના આમુખ ક્ર:(૧) ના ઠરાવથી ડૉ.આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ શહેરી વિસ્તારોમાં આવાસની ટોચની કિમંત રૂ.૨.૦૦ લાખથી વધારીને રૂ.૩.૦૦ લાખ કરવામાં આવેલ છે. આમુખ ક્ર:૩ માં દર્શાવેલ તા.૪-૬-૨૦૧૩ ના પત્રથી ડૉ.આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજનાની યુનિટ કોસ્ટમાં વધારો કરી રૂ.૩.૦૦ થી વધારી રૂ.૫.૦૦ લાખ કરવા નિગમે દરખાસ્ત કરેલ હતી. આ બાબત વિચારણા હેઠળ હતી.

હવે કાળજી પૂર્વક વિચારણાને અંતે સરકારની લોન અને સબસીડી ની હાલની જોગવાઇ અનુક્રમે રૂ.૬૦,૦૦૦/- ની લોન અને રૂ.૪૫,૦૦૦/- ની સબસીડી અકબંધ રાખીને, બાકીની રકમની વ્યવસ્થા લાભાર્થીએ સ્વબચતમાંથી અથવા અન્ય લોન ધ્વારા કરવાની શરતે આવાસની યુનિટ કોસ્ટ હાલ રૂ.૩.૦૦ છે. તેને બદલે રૂ.૪.૦૦ લાખની મંજૂરી આપવામાં આવે છે.

ગુજરાત સફાઈ કામદાર વિકાસ
નિગમ, ગાંધીનગર
ઈનવર્ડ નં. 383
તારીખ 30/12/2013

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૫-૧૨-૨૦૧૩ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ /રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ (નિગમ ધ્વારા)
વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (નિગમ ધ્વારા)
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર.
સર્વે જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/પંચાયત અધિકારી(નિગમ ધ્વારા)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિગમ ધ્વારા)
વિભાગની અ.૧, અ, જ, છ, છ.૧-શાખાઓ
સિલેકટ ફાઇલ.